# અંબોડમાંથી પકડાયેલા દિપડાને વિજયનગરના જંગલમાં મુકત કરાયો

## દોલારાણા વાસણામાંથી કેદ કરાયેલા દિપડાને કેવડીયા કોલોનીના સફારી પાર્કને સોંપી દેવાયો

ગાંધીનગર તા ૧

ગાંધીનગર જિલ્લાના ગામોમાં હાહાકાર મચાવનાર દિપડાને વનતંત્રએ કેદ કરી દીધા બાદ એક દિપડાને વિજયનગરના જંગલમાં છોડી દેવાયો છે. જયારે દોલારાણા વાસણામાંથી પકડાયેલા દિપડાને કેવડિયા કોલોનીના સફારી પાર્કને સોંપી દેવાયો છે. ગાંધીનગરના આસપાસના ગામોમાં દિપડો લાંબા સમયથી ફરતો હોવાની વાત વારંવાર પ્રકાશમાં આવતી હતી જયારે વનતંત્રના અધિકારીઓ દ્વારા દિપડાને પકડવા માટે મારણ સાથે પાંજરા મુકી અવારનવાર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતુ હતુ. આખરે બન્ને ઠેકાણેથી દિપડાને કેદ કરી લેવાતા આ બન્ને દિપડાને યોગ્ય રીતે મુક્ત કરી દેવાયા છે.

ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષથી દિપડા પ્રકરણ ટોક ઓફ ધ ટાઉન છે. ગત ધનતેરસે નવા સચિવાલય સંકુલમાંથી દિપડો પકડાયો હતો જયારે આ વર્ષે ધનતેરસના દિવસે અંબોડમાંથી વનતંત્રએ દિપડાને કેદ કરતા ગ્રામજનોએ રાહત અનુભવી હતી. લાંબા સમયથી દિપડાને પકડવા માટે પાંજરા મુકી પ્રયાસ કરતા વનતંત્રના અધિકારીઓ પણ થાકી ગયા હતા. દિપડાને પકડવા માટે મારણ સાથે પાંજરા મુકવામાં આવ્યા હતા. જયારે વનતંત્રના અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરી દિપડાની ગતિવિધિઓ પર સતત નજર રાખવામાં આવતી હતી. જયારે મારણ સાથે પાંજરા મુકીને પણ દિપડાને કેદ કરવા અનેક પ્રયાસો હાથ ધરયા હતા. દિપડાને પકડવા માટે સાસણથી ખાસ નિષ્ણાંતોની ટીમ પણ બોલવામાં આવી હતી. પરંતુ આ ટીમના હાથમાં પણ કાંઈ લાગ્યુ ન હતુ. આખરે પાડાના મારણ સાથે પાંજરામાં ખુદ શિકાર થયેલા દિપડાને દોલારાણા વાસણાથી પકડી લેવાયો હતો આ દિપડાને વનચેતના કેન્દ્રમાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ અંબોડમાં દિપડો હોવાની વાત સામે આવતા વનતંત્રએ આ ઠેકાણે પણ પાંજરુ મુકી દિપડાને કેદ કરી લીધો હતો.

# "મહા" વાવાઝોડાને પગલે જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## રવિ સીઝનની વાવણી માટે ખેડૂતોએ તૈયારીઓ આરંભી

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં વાયુ વાવાઝોડા પછી આવી રહેલ "મહા" વાવાઝોડાના પગલે જિલ્લામાં પણ હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ હોવાનું હવામાન ખાતાના સૂત્રો જણાવી રહ્યા છે.

દરમ્યાન સરદાર કૃષિ યુનિ. દાંતીવાડા દ્વારા પણ આજે ખેડૂતો માટે જારી કરાયેલ માર્ગદર્શન કૃષિ બુલેટિન અને હવામાનના પૂર્વાનુમાનના અંક નં. ૫૩માં જણાવ્યા મુજબ હ્જીએ જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે.

આ બુલેટીન જે તા. ૨ થી ૬ નવેમ્બર સુધીનું છે. જેમાં જણાવ્યા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ ડિગ્રી રહેશે તેવુ અનુમાન છે. પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨ થી ૨૩ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૩૯ થી ૮૧ ટકા સુધીનું રહેશે તેવુ પણ પૂર્વાનુમાન કરવામાં આવ્યું છે. પવનની સરેરાશ ગતિ ૩ થી ૭ કિ.મી. પ્રતિ કલાક રહેશે તેવી પણ સંભાવનાઓ આ બુલેટીનમાં દર્શાવવામાં આવી છે.

શિયાળુ પાકો જેવા કે રાઈ-બટાટા, વરિયાળી, ચણા, રજકો, કોબીજ, રીંગણ અને ટામેટાની વાવણી માટે ખેડૂતોને સલાહ આપવામાં આવી છે. વરસાદ પડવાની આગાહી હોઈ પિયત અને દવા આપવા માટે રાહ જોવા અંગે પણ માર્ગદર્શન આ

● અનુસંધાન પાન-૩ પર

# પ્રથમ દિવસે ૪૮૦ બોરી મગફળી ટેકાના ભાવે ખરીદાઈ



ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારે આજથી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરી છે. જિલ્લામાં ગાંધીનગર અને દહેગામ ખાતે આજથી ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ છે.

આજે પ્રથમ દિવસ હોવાથી માત્ર ૭ જ ખેડૂતો આવ્યા હતા. ૪૮૦ બોરી જેટલી મગફળીનું ટેકાના ભાવે ખેડૂતોએ વેચાણ કર્યુ હતુ.

જિલ્લામાં ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ૩૭૦૦ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આ વર્ષે ખરીફ ઋતુમાં મગફળીનું વાવેતર વિક્રમી થયુ હતુ અને ૬ હજાર હેકટરથી પણ વધુ વિસ્તારમાં તે થયુ હતુ જે ગત વર્ષ કરતાં ૧૧૦૦ હેક્ટરથી પણ વધુ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં મગફળીનું ઉત્પાદન પણ શરૂ થયુ છે અને

● અનુસંધાન પાન-૩ પર

## પ્રાર્થના સભા



અમારા પૂજ્ય પિતાશ્રી **ધનંજય બટુકરાય વ્હોરાનું** તા. ૩૧/૧૦/૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતના આત્માની શાંતિ માટે **પ્રાર્થનાસભા તા. ૨/૧૧/૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦થી ૬.૦૦ કલાક** દરમિયાન નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ હોલ, સરકારી લગ્નવાડીની બાજુમાં, સેક્ટર-૭, ગાંધીનગર.**

ગુંજન - દર્શના વ્હોરા
કાર્તિક - મંજરી વ્હોરા
ઝરણા - અંકુર મહેતા


સર્વ નગરજનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન...
ફોન : ૨૩૨૫૧૨૨૬ (ઓ) ● ૨૩૨૪૦૭૨૭ (રહે.) ● ૯૮૨૪૩ ૮૨૬૫૯ (મો.)
ભૂપત સી. ભૂતડીયા
બી.કોમ., એલ.એલ.બી.
રૂપાબેન બી. પટેલ
હિતેશ-રેખા-વ્યોમ-પરમ
'શક્તિ' પ્લોટ નં. ૧૨૦૭/૧,
ચૌધરી હાઈસ્કૂલ સામે, સેક્ટર-૭/ડી, ગાંધીનગર


## શ્રી જલારામ જયંતિ-ભાવસભર નિમંત્રણ



નવા વર્ષે આપનું જીવન પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી છલકાતું રહે એવી શુભકામનાઓ સાથે શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર આપ સૌ નગરજનોને પૂ. જલારામ બાપાની ૨૨૦મી જન્મજયંતિની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રે છે.

**શ્રી જલારામ જયંતિ**
**તા. ૩-૧૧-૨૦૧૯, રવિવાર (કારતક સુદ-૭)**

### શુભ પ્રસંગો


ધૂન : સવારે ૬.૪૫થી સાંજે ૬.૪૫ દરમિયાન
શોભાયાત્રા : સવારે ૮.૦૦ કલાકે (શ્રી જલારામ મંદિર, સે.૨૯થી શ્રી ભોજલામ મંદિર, સે.૭)
અન્નકૂટ દર્શ : સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦
મહાઆરતી : સાંજે ૬.૪૫ કલાકે
વીરપુર જઈ રહેલા પદયાત્રાઓનું અભિવાદન : સાંજે ૭.૦૦ કલાકે
શુભ સ્થળ : જલારામ મંદિર, સે.૨૯, ફોન :૨૩૨૨૩૬૧૪

વ્યાવસાયિક કામકાજને વિરામ આપી આ ઉજવણીમાં સહપરિવાર ઉમંગપૂર્વક જોડાવા ખાસ વિનંતી છે.

નિમંત્રક : પ્રમુખશ્રી તથા કારોબારી સમિતિ
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર


INIFD
The Cradle of Designers
GANDHINAGAR
WE ARE NOW IN BRAND NEW & THE BIGGEST
INIFD CAMPUS IN GUJARAT
@ CHANDKHEDA
Wishing you all have a happy and prosperous Happy Diwali
FASHION DESIGN
INTERIOR DESIGN
Near Ashok Vihar Circle, Nr. Shrinath Bungalows, Nigam Nagar, Chandkheda, Gandhinagar, Gujarat 382424
CALL US :- 80000 470000 | Follow Us On | www.inifdgandhinagar.com



નૂતન વર્ષાભિનંદન...

શ્રીજી
ગોલ્ડ & સીલ્વર
079-232 11022 Nandubhai
99742 40124 Finesbhai
97273 77123 Narendra
079-232 11022 Nandubhai
99742 40124 Finesbhai
97273 77123 Narendra
Pramukh Peredaise, G-Road,
Nr. 24 Circle, Sector-23, Gandhinagar



સર્વને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન...
સે.૨૬ કિસાનનગર વસાહત મંડળ
સાકળચંદ એસ. પટેલ - પ્રમુખ
નટવરભાઈ જે. ચૌધરી - મહામંત્રી
રાજેન્દ્રસિંહ જે. ગોલ - ઉપપ્રમુખ
વિષ્ણુભાઈ એન. ચૌધરી - ઉપપ્રમુખ
નિરંજનભાઈ એલ. પટેલ - ખજાનચી
મહેશભાઈ પી. પુરોહિત - સહમંત્રી
સતિષભાઈ આઈ. પ્રજાપતિ - આં.ઓડીટર
ગજેન્દ્રસિંહ એસ. ચાવડા - સલાહકાર
- કારોબારી સભ્યશ્રીઓ -
દિવાળી નિમિત્તે શુભેચ્છા



અમારા માનવંતા ગ્રાહક ભાઈ-બહેનો, વેપારી મિત્રો, શુભેચ્છકો, સ્નેહીજનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન....
બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક
પ્રદિપ સોલંકી
બ્રાન્ચ મેનેજર
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦
બરોડા ગુજરાત ગ્રામિણ બેન્ક
સેક્ટર-૭/ડી, ગાંધીનગર



નૂતન વર્ષાભિનંદન... મો. ૯૮૨૪૫ ૭૭૮૯૬

વિક્રમસિંહ વી. સોલંકી
(એડવોકેટ)
રહે. : પ્રાંતિયા, ઠે. દરબારવાસ, તા.જી. ગાંધીનગર
: ઓફીસ :
બી-૨, નં.૯, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ,
ખરીદ-વેચાણ સંઘ, સેક્ટર-૧૨, ગાંધીનગર



નૂતન વર્ષાભિનંદન...

મહેન્દ્રસિંહ એન. ચાવડા
એડવોકેટ એન્ડ નોટરી
Mo. : 9426017404


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com